**(1) ભારતના ચિત્તાના ગેરકાયદેસર વેપાર પર ટ્રાફીક (TRAFFIC) નામની સંસ્થા દ્વારા એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) ભારતમાં 2015થી 2019 દરમિયાન થયેલા ચિત્તાના મૃત્યુ પૈકી 500થી વધારેનો સંબંધ તેના ગેરકાયદેસર વેપાર સાથે છે.

(2) ચિત્તાનો સૌથી વધુ શિકાર પૂર્વોત્તર ભારતમાં જોવા મળેલો છે.

(3) ચિત્તાની વિવિધ પૈદાશ પૈકી સૌથી વધુ માંગ નખ–દાંત અને હાડકાંની હતી.

(4) વર્ષ 2014ની માહિતી મુજબ ભારતમાં આશરે 6700 જેટલાં ચિત્તા છે.

(A) માત્ર (1), (2) અને (4)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1)  (D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ટ્રાફીક સંસ્થા દ્વારા ભારતમાં ચિત્તાના ગેરકાયદેસર વેપાર વિશેનો રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટનું નામ 'Spotted' છે.

⇛ આ રિપોર્ટ મુજબ, ભારતમાં 2015થી 2019 વચ્ચે 747 ચિત્તાના મૃત્યુ થયા હતાં. જે પૈકી 596નો સંબંધ તેના ગેરકાયદેસર વેપાર તથા શિકાર સાથે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ ભારતમાં ચિત્તાના શિકારના સૌથી વધુ બનાવો દર્શાવતાં રાજ્યો ઉત્તરાખંડ અને મહારાષ્ટ્ર છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ચિત્તાના ગેરકાયદેસર વેપારમાં સૌથી વધુ માંગ તેની ચામડીની છે. જપ્ત થયેલા કુલ ચિત્તાની પેદાશમાં 69% ભાગ તેની ચામડીનો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતમાં ચિત્તાની છેલ્લી ગણતરી 2014માં કરવામાં આવી હતી. જે મુજબ ચિત્તાની સંખ્યા 12,000થી 14,000 જેટલી છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) લોયા જિર્ગા (Loya Jirga) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે અફઘાનીસ્તાનનું મોટું રાષ્ટ્રીય સંમેલન છે જેમાં વિવિધ વંશીય, ધાર્મિક અને આદિજાતીના પ્રતિનિધિઓ ભેગાં થાય છે.
(2) અફઘાનીસ્તાનના બંધારણ મુજબ, તે અફઘાન લોકોની સર્વોચ્ચ અભિવ્યકિત છે.
(3) તેના નિર્ણયો કાયદાકીય રીતે બંધનકર્તા હોય છે.
(4) આ સંમેલન સામાન્ય રીતે રાષ્ટ્રીય કટોકટીના સમયમાં અથવા તો રાષ્ટ્રીય મુદ્દાઓનું સમાધાન લાવવા માટે યોજાય છે.

(A) માત્ર (1), (2) અને (3)　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં અફઘાનીસ્તાનમાં 3 દિવસનું લોયા જિર્ગા સંમેલન યોજાયું છે. આ સંમેલન 400 તાલીબાનો કે જે હત્યા અને અપહરણ જેવા ગંભીર ગુનાઓ માટે પકડાયા છે, તેમના વિશે નિર્ણય લેવા માટે યોજાયું છે.

⇛ તે અફઘાનીસ્તાનનું સૌથી મોટું રાષ્ટ્રીય સંમેલન છે. તેમાં દેશના વિવિધ વંશીય, ધાર્મિક અને આદિજાતી સમુદાયના આગેવાનો ભેગા થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે સદીઓ જૂની ચર્ચા–વિચારણા માટેની સંસ્થા છે જે સામાન્ય રીતે રાષ્ટ્રીય કટોકટીના સમયમાં અથવા તો રાષ્ટ્રીય મુદ્દાઓનું સમાધાન લાવવા માટે યોજાય છે. (આથી, વિધાર (4) સાચું છે.)

⇛ અફઘાનીસ્તાનના બંધારણ મુજબ તે, અફઘાન લોકોની સર્વોચ્ચ અભિવ્યકિત છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે કોઈ ઓફિસિયલ નિર્ણયકારી સંસ્થા નથી તથા તેના નિર્ણયો કાયદાકીય રીતે બંધનકર્તા નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આમ છતાં, તેનો નિર્ણય અંતિમ માનવામાં આવે છે અને રાષ્ટ્રપતિ તથા સંસદ તેના નિર્ણયનું માન જાળવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(3) અરાકુનોમિક્સ (Arakunomics) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે એક નવું કો–ઓપરેટીવ ફાર્મીંગ મોડેલ છે.

(2) તેના દ્વારા ખેડૂતોને નફો અને ગ્રાહકોને ગુણવત્તા મળી રહે છે.

(3) તે ઓર્ગેનિક ફાર્મીંગ તથા મિશ્ર ખેતીનો ઘટક ધરાવે છે.

(4) તાજેતરમાં આ મોડેલને ફુડ સિસ્ટમ વિઝન 2050 પ્રાઈઝ મળેલું છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (2) અને (4)

(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ રોકફેલર ફાઉન્ડેશને નાંદી ફાઉન્ડેશનને ફુડ સિસ્ટમ વિઝન 2050 પ્રાઈઝના ટોપ 10માં સમાવ્યું છે. નાંદી ફાઉન્ડેશનને આ ઓળખાણ તેના અરાકુનોમિક્સ મોડેલ માટે મળી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ અરાકુનોમિક્સ એક નવુ એકીકૃત ઈકોનોમિક મોડેલ છે જે ખેડૂતોને નફો અને ગ્રાહકોને ગુણવત્તા મળી રહે તે સુનિશ્ચિત કેર છે. (આથી, વિધાન (1) ખોટું છે, જ્યારે વિધાન (2) સાચું છે.)

⇛ આ મોડેલ 'રીજનરેટીવ એગ્રીકલ્ચર'નો ઉપયોગ કરે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ ખેતી આંધ્રપ્રદેશના અરાકુ વિસ્તારમાં આશરે 20 વર્ષથી કરવામાં આવે છે.

⇛ નાંદી ફાઉન્ડેશને ખેતીના આ મોડેલને મહારાષ્ટ્રના વર્ધા તથા નવી દિલ્હીમાં લાગુ કરેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) રિજનરેટીવ એગ્રીકલ્ચર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ પ્રકારની ખેતીમાં 'રિવર્સ ક્લાઈમેટ ચેંજ' જોવા મળે છે.
(2) જળચક્રમાં સુધારો થાય છે.
(3) જમીનમાં સુધારો થાય છે.
(4) તેના દ્વારા ઉચ્ચ ગુણવત્તાનો પોષકતત્ત્વ યુકત પાક મળે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ રિજનનેટીવ એગ્રીકલ્ચર એટલે ખેતી અને ચરામણ (પશુઓ ઘાસ ચરે તે)ની એવી પ્રવૃત્તિ કે જેના દ્વારા ક્લાઈમેટ ચેંજ રિવર્સ થાય. આ માટે જમીનના સેન્દ્રિય તત્ત્વોનું પુનઃનિર્માણ કરવામાં આવે છે તથા પડતર જમીનને તેની જૈવવિવિધતા પુનઃમળે તેવું કાર્ય કરવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દ્વારા કાર્બનનું શોષણ થઈ શકે છે તથા જળચક્રમાં સુધારો થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દ્વારા જમીનને નુકશાન થવાના બદલે તેની ગુણવત્તામાં સુધારો થાય છે. આ અંતર્ગત એવી ટેક્નોલોજી વાપરવામાં આવે છે જેના દ્વારા જમીનને પુનઃપ્રાપ્ત કરી શકાય છે તથા તેને પુનઃ ફળદ્રુપ બનાવી શકાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ કૃષિ પદ્ધતિનો ફાયદો એ છે કે જમીનની ફળદ્રુપતા સુધરતાં ઉચ્ચ ગુણવત્તાનો પોષક તત્ત્વ યુકત પાક ઉપજે છે તથા ખેતર, સમુદાય અને અર્થતંત્રનો વિકાસ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) TRIFED વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું વડુંમથક પૂણેમાં આવેલું છે.
(2) તેનું પૂરુંનામ ટ્રાયબલ કો–ઓપરેટીવ માર્કેટીંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા છે.
(3) તેની નોંધણી મલ્ટી–સ્ટેટ કો–ઓપેરેટીવ સોસાયટી એકટ, 1984 હેઠળ થયેલી છે.
(4) તે આદિજાતી કાર્ય મંત્રાલય હેઠળની સંસ્થા છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ **TRIFED** તેનો 33મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ દિવસે તેણે તેની વર્ચ્યુલ ઓફિસ પણ લોંચ કરી છે.

⇛ તેનું પૂરુંનામ ટ્રાયબલ કો–ઓપરેટીવ માર્કેટીંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તેની સ્થાપના 1987માં આદિજાતી કાર્ય મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય નોડલ સંસ્થા તરીકે થઈ હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેની નોંધણી મલ્ટી–સ્ટેટ કો–ઓપરેટીવ સોસાયટીઝ એકટ, 1987 હેઠળ કરવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તેનું વડુંમથક નવી દિલ્હીમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેનો હેતું આદિજાતી લોકોનો આર્થિક–સામાજિક વિકાસ કરવાનો, આર્થિક કાર્યોને પ્રોત્સાહન આપવાનો, આદિજાતી લોકોને જ્ઞાન અને માહિતી વડે સશકત કરી તેમની ક્ષમતા નિર્માણ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like | comment | share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT